## વડીલોને વંદન અભિનંદન



પ્રતિભાબેન કનુભાઈ દવે
(૧૯૫૩) ફોન: ૨૩૨૪૯૬૩૯

# પી.પી.એફ. યોજનાના સર્ટીફીકેટ હવે ‘એ’ કલાસ ટપાલ કચેરી સ્વીકારશે

## શહેર વસાહત મહામંડળની રજૂઆત ડાક અધિક્ષકે સ્વીકારી

ગાંધીનગર, તા.૩

પી.પી.એફ. યોજનાના સર્ટીફીકેટ હવે ‘એ’ કલાસ ટપાલ કચેરીએ પણ સ્વીકારવામાં આવશે. નવી વ્યવસ્થા મુજબ સે-૬, ૧૭, ૨૧ અને ન્યુ સચિવાલયની બ્રાન્ચમાં પણ પી.પી.એફ. યોજના સ્વીકારવાની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાવ્યા મુજબ અત્યાર સુધી પી.પી.એફ. યોજના હેઠળ મુખ્ય ડાક કચેરી દ્વારા જ રોકાણ થયું હતું. જેના લીધે ચેક ટ્રાન્સફરમાં વિલંબ થતા વ્યાજદર સહીતના પ્રશ્નો ઉદભવ્યા હતા. આ મામલે શહેર વસાહત મહામંડળ દ્વારા ડાક અદાલતમાં ડાક અધિક્ષક અર્પણા ગોખલેને રજૂઆત કરવામાં આવી હતી. જેનો ડાક અધિક્ષકે સ્વીકાર કરતા હવે સે-૧૬, ૨૮, મુખ્ય ટપાલકચેરી, સે-૬, ૧૭, ૨૧ અને ન્યુ સચિવાલયમાં પી.પી.એફ. સ્વીકારાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ઉપરાંત પોસ્ટઓફિસોમાં ગ્રાહકો માટે સૂચના તથા ફરિયાદ પોથી પણ રાખવામાં આવશે. આ ઉપરાંત મહામડંળના પદાધિકારી મયુર વ્યાસ, સી.ડી. ધનેશ્વર, સુધીર દેસાઈ, કીશોર જીકાદરાએ સે-૭ પોસ્ટ કચેરીને વધારાનું મકાન પાળવવા ટપાલ પેટીઓની મરામત કરવા સે-૧૪માં ટપાલ પેટી મુકવા, સે-૭ અન ૮માં વધારાનો સ્ટાફ મુકવા પણ રજૂઆત કરવામાં આવી હતી.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા ખાતે દેવઉઠી અગિયારસના રોજ શ્રી રાધાકૃષ્ણ મંદિરમાં ધ્વજા ચઢાવાઈ હતી. ધજા ચઢાવવાનો લ્હાવો પ્રજાપતિ વિષ્ણુભાઈ હિરાભાઈએ લીધો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં વૈષ્ણવો ઉપસ્થિત રહ્યા હતા.

## આજે પ્રાંતિજમાં સુંદરકાંડનું આયોજન

પ્રાંતિજ, તા.૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતેની ગજાનંદ સોસાયટીમાં ચોથી નવેમ્બરને મંગળવારના રાત્રે ૮.૩૦ કલાકે સુંદરકાંડનુ આયોજન પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા મારફતે કરવામાં આવ્યું છે.

મંગળવારના રોજ યોજાનારા આ પવિત્ર સુંદરકાંડ કાર્યક્રમમાં જોડાવા માટે જાહેર જનતાને નિમંત્રિત કરવામાં આવી છે. આરતી, મહાપૂજા સહિતનાં આયોજનો ગોઠવવામાં આવ્યા છે. દુષ્યંતભાઈ ગ્રુપ દ્વારા સુંદરકાંડ વાંચન-પઠન કરાવાશે.

## કમળાના કેસોમાં ચિંતાજનક વધારો નોંધાતા તંત્ર ચિંતાતુર

અમદાવાદ, તા.૦૩

શહેરમાં ગત મહિને દિવાળીના તહેવારનો માહોલ હોવાથી મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગ દ્વારા જુદા જુદા મિઠાઈ-ફરસાણા વાળાની દુકાનો પર તવાઈ હાથ ધરવામાં આવી હતી. શહેરીજનોના આરોગ્ય સાથે ચેડા ન પહોંચે તે માટે હેલ્થ વિભાગ દ્વારા તકેદારીના ભાગરૂપે પગલાં ભરવામાં આવ્યા હતા. ગત મહિનામાં પાણીજન્ય રોગચાળો ખૂબ જ પ્રમાણમાં વકર્યો છે. ૧ થી ૩૧ ઓક્ટોબર સુધીમાં શહેરમાં ઝાડા ઉલ્ટીના ૫૦૦ અને કમળાના ૪૩૪ કેસો નોંધાયા છે.

શહેરમાં માત્ર ઓક્ટોબર મહિનામાંજ કમળાના ૪૩૪ કેસોસપટી પર આવતા ખળભળાટ મચી ગયો છે. ગયા વર્ષે આ જ મહિનામાં કમળાના ૩૪૨ કેસો નોંધાયા હતા. તેમજ આ વર્ષે ટાઈફોઈડમાંપણ ૨૦૧ જેટલા કેસો નોંદાયા છે. ૨૦૧૩ના જાન્યુઆરી થી ઓક્ટોબર સુધીમાં ૬૩૦૦ કેસો નોંધાયા હતા. જેની સરખામણીએ ચાલુ વર્ષ ૨૦૧૪માં જાન્યુઆરી થી ઓક્ટોબર સુધી ૭૩૧૦ જેટલા કેસો નોંધાયા છે.

# ગલુદણ-રાયપુરમાં એક જ રાતમાં બે ઘરફોડ : દોઢ લાખથી વધુની ચોરી

## બંધ મકાનનો લાભ લઈ ઘરફોડ ટોળકી ત્રાટકી : પોલીસ પેટ્રોલિંગના દાવા પોકળ : ઘરફોડ ચોરીમાં નોંધપાત્ર વધારો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર નજીક ડભોડા તાલુકા વિસ્તારમાં દિવાળીની રજાઓ બાદ ઘરફોડ ચોરી કરનાર ઘરફોડીયાઓ વધુ સક્રીય થઈ ગયા છે. ગ્રામ્ય વિસ્તારમાં અંધારાનો લાભ લઈ એક પછી એક ચોરીઓને અંજામ આપી પોલીસને પડકાર ફેકી રહ્યા છે. ડભોડા પોલીસના રાત્રી પેટ્રોલિંગના દાવાને પોકળ સાબિત કરી ઘરફોડીયાઓ પોલીસને આજે વધુ એક સણસણતો તમાચો મારી એક જ રાત બે અલગ-અલગ મકાનને નિશાન બનાવી દોઢ લાખથી વધુના મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. ડભોડા પોલીસે આ બન્ને ચોરી અંગે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્યભરમાં ધીમી ગતિએ ઠંડીનું આગમન થઈ રહ્યું છે. બીજી બાજુ ઘરફોડીયા ચોર ઈસમો પણ સક્રીય થઈ ગયા છે. દિવસ દરમિયાન બંધ મકાનની રેકી કરી રાત્રે આવા જ મકાનોને નિશાન બનાવે છે ત્યારે આ ઘરફોડીયા ચોરોએ ગતરોજ ડભોડા તાલુકાના ગલુદણ ગામે રોહિત વાસમાં એક બંધ મકાનના દરવાજાના નકુચા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. બાદ તિજોરીના પણ તાળા તોડી તેમાં રહેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂ. ૭૮,૫૦૦ની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ ચોરી સંદર્ભે રશીકભાઈ મંગાભાઈ પટેલે ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે અન્ય એક ચોરીમાં ઘરફોડીયાઓએ રાયપુર ગામની સીમના ખેતરમાં એક મકાનને નિશાન બનાવ્યું હતું. ચોર ઈસમોએ વિનુજી શાંતુજી ડાભીના મકાનમાં દરવાજો ખોલી પ્રવેશ કર્યો હતો અને મકાનમાં રહેલ કબાટમાંથી સોના-ચાંદીનાદાગીના તેમજ રોકડ મળી કુલ ૮૮,૦૦૦ની ચોરી કરી છૂમંતર થઈ ગયા હતા. આ બન્ને ચોરી અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ પી.એસ.આઈ. એ.કે. ક્લાસવા ચલાવી રહ્યા છે.



### મોડાસાની યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના અધિકારીનો વિદાય સમારંભ યોજાયો

યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, મોડાસા શાખાના અધિકારી શ્રી જીતેન્દ્રભાઈ એમ. અમીનનું વય નિવૃત્તિના લીધે નિવૃત્ત થતાં યુનિયન બેંક શાખા પ્રબંધક તેમજ ગ્રાહકો દ્વારા અધિકારીને વિદાય આપવા માટે તા. ૩૧-૧૦-૨૦૧૪ના રોજ યુનિયન બેંક ઓફ ઈન્ડિયા મોડાસા શાખામાં મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર તથા રીઝીયોનલ ઓફીસના અધિકારીઓ હાજર રહ્યા હતા. અમીને ૩૬ વર્ષથી વધારે અજજવળ કારકિર્દી તથા બેંકની પ્રગતિમાં આપેલ સિંહફાળાની સરાહના કરવામાં આવી હતી. તથા તેમને મેળવેલ વિવિધ એવોર્ડની પણ સરાહના કરવામાં આવી હતી. આ આયોજનમાં બ્રાન્ચ મેનેજર તથા સ્ટાફના સભ્યો મિત્રોએ ખુબ હર્ષ સાથે આવા પ્રમાણિક અધિકારીને વિદાય આપી હતી.

# વાયબ્રન્ટ સમીટ માટે ૧૩મીએ મુખ્યમંત્રીનો ચેન્નાઈ ખાતે રોડ-શૉ

ગાંધીનગર, તા. ૩

ગુજરાતમાં ઔદ્યોગિક મૂડીરોકાણને આકર્ષવા માટે વિવિધ રાજ્યોમાં તેના પ્રચાર પ્રસાર માટે રાજ્ય સરકારના મંત્રીઓ દ્વારા રોડ શૉ નું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે આગામી ૧૩મી નવેમ્બરના રોજ રાજ્યના મુખ્યમંત્રી અને નાણામંત્રી ચેન્નઈ અને કોઈમ્બતુરના પ્રવાસે જનાર છે.

આજે અત્રે આ અંગેની વિગતો આપતા રાજ્યના નાણામંત્રી અને પ્રવક્તામંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે ૧૭મી નવેમ્બરના રોજ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને તેઓ મુંબઈ ખાતે રોડ શૉ કરશે જેમાં ઉદ્યોગકારો સાથે બેઠકો કરીને ગુજરાતમાં ઔદ્યોગિક મૂડીરોકાણ માટેની વિપુલ તકો અંગે માહિતગાર કરવામાં આવશે.

૧૮મી નવેમ્બરના રોજ રાજ્યના માર્ગ અને મકાનમંત્રી નિતીનભાઈ પટેલ ગૌહાટી ખાતે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી રમણભાઈ વોરા ભુવનેશ્વર ખાતે, શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા હૈદ્રાબાદ ખાતે, ૧૯મીએ નિતીનભાઈ પટેલ કોલકત્તા ખાતે, ૨૦મીએ રાજ્યના સિંચાઈ મંત્રી બાબુભાઈ બોખીરીયા ઈન્દોર ખાતે અને ૨૮મી નવેમ્બરે રાજ્યના વન મંત્રી ગણપતભાઈ વસાવા જયપુર ખાતે રોડ શૉ માં હાજરી આપશે.

આગામી જાન્યુઆરી-૨૦૧૫ માં યોજાનારા વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમીટને સફળ બનાવવા અને ગુજરાતમાં સૌથી વધુ ઔદ્યોગિક મુડીરોકાણ આકર્ષવા માટે દેશના વિવિધ શહેરોમાં રોડ શૉ નું આયોજન કરવામાં આવ્યું છે. વાયબ્રન્ટ સમીટ પૂર્વે રાજ્ય સરકાર દ્વારા જુદી જુદી ૬ જેટલી નવી નીતિઓની પણ જાહેરાત કરનાર છે.

## બાકી ટેક્સ કરદાતાની ૬૩ મિલકત સીલ થઈ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્ષ ખાતા દ્વારા પ્રોપર્ટી ટેક્ષ રીકવરીના ભાગરૂપે આજરોજ શહેરના અલગ અલગ વિસ્તારોમાં ૬૩ જેટલી મિલકતોને સીલ કરવામાં આવી છે. શહેરમાં ટેક્ષ નહીં ભરનાર કરદાતાઓની સંખ્યા વધતી ગઈ છે ત્યારે આજરોજ કોર્પોરેશનના ટેક્ષ વિભાગ દ્વારા પશ્ચિમ ઝોનની ૯, નવા પશ્ચિમ ઝોનની ૧૫, દક્ષિણ ઝોનની ૧૦, ઉત્તર ઝોનની ૮, મધ્ય ઝોનની ૧૦ તેમજ પૂર્વ ઝોનની ૧૧ જેટલી મિલકતોને આજરોજ સીલ મારવામાં આવી છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# પ્રાથમિક શિક્ષકોના બદલી કેમ્પ માટે આયોજન કરાશે


અમદાવાદ, તા.૦૩

ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓને પરીપત્ર પાઠવીને પ્રાથમિક શિક્ષકોના બદલી કેમ્પ યોજવાની સૂચના આપી દેવામાં આવી છે. જે અંતર્ગત દિવાળી વેકેશન ખુલતાની સાથે જ જિલ્લા પ્રમાણે પ્રાથમિક શિક્ષકોના બદલી કેમ્પનું આયોજન કરવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા અમુક નિશ્ચિત સમય સુધી ફરજ બજાવ્યા બાદ શિક્ષકોને પોતાની પસંદગીના સ્થળે બદલી કરાવવા માટેની છુટ આપવામાં આવે છે. જો કે આ માટે જેને સ્થળે બદલીનો વિકલ્પ ઉપલબ્ધ હોવો જોઈએ.

આ માટે દર વર્ષે શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લા પ્રમાણે બદલી કેમ્પ યોજવામાં આવે ત્યારે ચાલુ વર્ષે પ્રાથમિક શિક્ષકોના બદલી કેમ્પ યોજવા માટે શિક્ષણ વિભાગે દરેક જિલ્લાના પ્રાથમિક શિક્ષક અધિકારીઓને પરીપત્ર પાઠવીને સૂચના આપી દીધી છે જે અંતર્ગત દિવાળીનું વેકેશન ખુલતાની સાથે જ પ્રથમ સપ્તાહમાં જિલ્લા પ્રમાણે બદલી કેમ્પ યોજાશે. આ બદલી કેમ્પ યોજવા માટેની તૈયારીઓ અત્યારથી જ શરૂ કરી દેવામાં આવી છે. જેમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓ દ્વારા પોતાના જિલ્લામાં બદલી કરાવવા માંગતા શિક્ષકો અને શાળાઓમાં ખાલી બેઠકો અંગેની યાદી તૈયાર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. આ પ્રાથમિક શિક્ષકોના બદલી કેમ્પની સાથે સાથે પ્રાથમિક શિક્ષકોના વધ-ઘટ કેમ્પ પણ યોજાશે.

## શબ્દાવલી - ૫૫૪૯



### આડી ચાવી

૧. સરસ નસીબવાળું, નસીબદાર (૫)
૫. શંકા, વહેમ (૨)
૬. શંકા, વહેમ (૨)
૭. તાલીમ લેનાર વિદ્યાર્થી (૪)
૯. વહાણ, હોડી, નાવડી (૨)
૧૧. લીંપણ ઓરડાની ભીંતોને કરાતો માટી છાણનો લેપ (૨)
૧૨. કઠણ, તેજ (૩)
૧૪. અનાજ ભરવાની કોઠી (૩)
૧૫. માળીને હિન્દીમાં... કહેવાય (૨)
૧૬. બાળવાર્તાઓમાં બાળકોનું માનીતું એક પાત્ર (૨)
૧૮. પિયર, માવતર (૪)
૧૯. રાજા, ફરિયાદ (૨)
૨૦. અવિરત, અટકે નહિ તેવું (૩)
૨૧. દરિયો, સમુદ્ર (૪)

### ઊભી ચાવી

૧. સુગંધીદાર (૫)
૨. ... નો ભાર જેમ શ્વાન તાણે, ગાડુ (૩)
૩. કોલ્ડ સ્ટોરેજ, ગુજરાતીમાં... કહેવાય (૪)
૪. ભોગ, દેવને આપવા કાઢેલ ભાગ (૨)
૫. નનામી (૨)
૮. શરદપૂનમ (૫)
૧૦. વહાણનું તુતક (૨)
૧૧. બેધ્યાનાવસ્થા (૫)
૧૩. ભય, બીક (૨)
૧૪. દેવ-દેવીનો ક્રોધ (૨)
૧૫. જાણ હોવી, ... ગાર હોવું (૩)
૧૭. લંકેશ, મંદોદરીના પતિ (૩)
૧૮. ખુબ મોટું તોતિંગ, મોટું... (૨)
૧૯. સીતાપતિ (૨)

### શબ્દાવલી ૫૫૪૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) વારાફરતી (૩) વાઘ (૬) ડીઝલ (૮) ધોકાપાક (૯) પપકોન (૧૧) કાસળ (૧૨) અલિ (૧૩) વાવણી (૧૪) પાષાણ (૧૫) વડ (૧૬) ખતા (૧૭) નખી (૧૯) કાગળ (૨૦) મલી

**ઊભી ચાવી :-** (૧) વાતોડીયું (૨) રજ (૪) ઘરાક (૫) મકાન (૭) લપસણી (૮) ધોકો (૧૦) પળ (૧૧) કાવડ (૧૨) અણનમ (૧૩) વાવડ (૧૪) પાતાળ (૧૬) ખગ (૧૮) ખીલી

# ડૉ. બત્રાઝના પ્રથમ ક્લિનિકનો મહેસાણામાં આરંભ

મહેસાણા, તા. ૩

ડૉ. બત્રાઝ પોઝિટીવ હેલ્થ ક્લિનિક પ્રા.લિ. દ્વારા મહેસાણામાં પ્રથમ હોમિયોપેથિક ક્લિનિક શરૂ કરવામાં આવ્યું છે. ડૉ. બત્રાઝનાં રિજનલ મેનેજર-ફ્રેન્ચાઈઝ શ્રી પરેશ નાયક દ્વારા આ ક્લિનિકનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

મહેસાણામાં એફ-૧, એફ-૨, ફર્સ્ટ ફલોર, પરફેક્ટ પ્લાઝા, રાધનપુર રોડ ખાતે ડૉ. બત્રાઝનું આ ક્લિનિક આવેલું છે.

ડૉ. બત્રાઝનું નામ હોમિયોપેથીના પર્યાય સમાન બની રહ્યું છે. મુંબઈમાં ૧૯૮૨ માં ભારતના ટોચના હોમિયોપેથી અને મેડિસીન (હોમિયોપેથી)માં પદ્મશ્રી મેળવનારા ડૉ. મુકેશ બત્રા દ્વારા ડૉ. બત્રાઝ પોઝિટીવ હેલ્થ ક્લિનિક પ્રા.લિ.નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ડૉ. બત્રાઝ દ્વારા ૧૦ લાખથી પણ વધુ દર્દીઓની ૯૪ ટકા જેટરી સફળતાના દર સાથે સારવાર કરવામાં આવી છે. ડૉ. બત્રાઝ તે વિશ્વમાં હોમિયોપેથિક ક્લિનિકની સૌથી મોટી શ્રૃંખલા છે અને ભારતના ૮૬ શહેરો દુબઈ અને યુકેમાં ૧૬૫ સુપર સ્પેશ્યાલિટી ક્લિનિક્સનુંનેટવર્કધરાવેછે.

ડૉ. બત્રાઝનાં રિજનલ મેનેજર-ફ્રેન્ચાઈઝ શ્રી પરેશ નાયકનાં જણાવ્યા અનુસાર, ‘હોમિયોપેથી તે ભવિષ્યની દવા છે. વિશ્વભરમાં તે દવાની સલામત અને સૌમ્ય સિસ્ટમ તરીકેની લોકપ્રિયતા ધરાવે છે. મહેસાણામાં આરંભાયેલા નવા ક્લિનિકમાં શ્વાચ્છોશ્વાસ સંબંધી બિમારીઓ, ખરતા વાળ, સોરાયસિસ, એલર્જીઓ, સફેદ દાગ, અન્ય ચામડીનાં રોગો, વજનની સમસ્યાઓ, ક્રોનિક ફટિંગ સિન્ડ્રોમ, મહિલાઓ અને બાળકોના દર્દો, જીવનશૈલી અને તનાવ સંબંધી રોગો તેમજ અન્ય રોગોની સારવાર કરવામાં આવશે.

## અઢી વર્ષની કામખ્યા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

છે. આટલી નાની ઉંમરમાં તમામ પ્રતિભાને કેળવવી ખૂબ જ અઘરી છે, પરંતુ છવિ માટે તો આ જ તેનું રમકડું છે, તેના માટે આ અભ્યાસ નથી પરંતુ તેનો શોખનો વિષય બની ગયો છે. છવિ એટલી પાવરફૂલ છે કે એને આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓએ બોલેલાં તમામ મોટાં ભાગના સૂત્રો કોણે અને ક્યારે બોલ્યા તે પણ કંઠસ્થ છે. આ નાનકડી ઢીંગલીની પ્રતિભાને ખરેખર સલામ છે. અને વધુ ગૌરવ તો તેના માતા-પિતા માટે કે જેઓ ભરપૂર મહેનત સાથે તેને આગળ લાવી રહ્યા છે.

છવિનાં માતા-પિતાના મત પ્રમાણે આજકાલ દિકરીઓ નૃત્ય કે બીજી સામાન્ય શૈલીઓણાં જ ભાગ લઈને આગળ વધે છે, પરંતુ છવિના માતા-પિતાની ઈચ્છા તેને રમત-ગમતના ક્ષેત્રમાં આગળ લઈ જવાની છે. તેઓ કહે છે કે તેનું જ્ઞાન છવિને ભણવામાં તો આગળ લઈ જ જશે, પરંતુ છવિ ‘ઓલરાઉન્ડર’ બનીને ભણવા સિવાય રમતગમતનાં ક્ષેત્રમાં આગળ વધી માતા-પિતાને ગૌરવની લાગણીનો અનુભવ કરાવશે તેવી આશા વ્યક્ત કરી છે. પોતાની દીકરીમાં ખૂબ જ નાની વયમાં આટલી તીવ્ર યાદશક્તિ જોઈને તેના માતા-પિતા ગર્વ અનુભવે છે, આમ જ કામાખ્યા પોતાના ભવિષ્યમાં અનેક શિખરો સર કરે તેવી શુભકામના.

# ઉચ્ચ શિક્ષણ સંસ્થામાં વિવિધ પદો પર ભરતી થઈ જ નથી

અમદાવાદ, તા.૦૩

ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થામાં વિવિધ પદો ઉપર અધિકારીઓની ભરતી ન કરાતા શિક્ષણ સંઘ અત્યારે કાર્યકારી અધિકારીઓના ભરોશે ચાલી રહ્યું છે. રાજ્યની મોટાભાગની યુનિવર્સિટીઓમાં અત્યારે કાયમી રજિસ્ટાર નથી ત્યારે આ યુનિવર્સિટીઓની યાદીમાં વધુ એક નામ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીનું જોડાયું છે. આ યુનિવર્સિટીનો વહીવટ પણ આજથી ઈન્ચાર્જ રજિસ્ટાર તરીકે જીતેન્દ્ર લીલાણીએ સંભાળ્યો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ લાંબા સમયથી ગુજરાતની મોટાભાગની યુનિવર્સિટીઓનો વહીવટ ઈન્ચાર્જ રજિસ્ટારોના હવાલે ચાલી રહ્યો છે. આ યાદીમાં એકમાત્ર ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી બાકાત હતી કારણ કે રાજ્યમાં ઈજનેરી અને ફાર્મસી સહિતના અભ્યાસક્રમની કોલેજોનું સંચાલન કરતા આ યુનિવર્સિટી પાસે જીપી વડોદરિયાને નામે કાયમી રજિસ્ટાર હતા પરંતુ રાજ્યની સૌથી મોટી એન્જીનીયરીંગ કોલેજ એલડી એન્જીનીયરીંગના આચાર્ય એમએન પટેલની ગુજરાત યુનિવર્સિટી તરીકે વરણી થતાં આ આચાર્યની ખાલી પડેલ જગ્યા પર જીપી વડોદરીયાની નિમણુંક કરવામાં આવી છે. જેના કારણે જીટીયુનું રજિસ્ટાર પદ ખાલી પડ્યું છે. જેના પર કોઈ કાયમી રજિસ્ટાર નિમવાની જગ્યાએ હાલ પૂરતો ઈન્ચાર્જ રજિસ્ટાર તરીકે જીતેન્દ્ર લીલાણીને ચાર્જ સોંપી દેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે જીટીયુના કુલપતિ અક્ષય અગ્રવાલને પણ કેન્દ્રમાં બોલાવવામાં આવે તેવી શક્યતાઓ વ્યક્ત કરાઈ રહી છે. જેનાં કારણે જીટીયુના કુલપતિનું સ્થાન પણ આગામી દિવસોમાં ખાલી પડે તેવી શક્યતા છે. આ પદ માટે અત્યારથી ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ એમએન પટેલનું નામ ચર્ચાઈ રહ્યું છે જો કે એમએન પટેલને જીટીયુનાં કુલપતિ બનાવવામાં આવશે તો એક વર્ષ બાદ માંડ કાયમી કુલપતિ મેળવનાર ગુજરાત યુનિવર્સિટીમાં કુલપતિનું સ્થાન ખાલી પડશે જે ભરવા માટે યુનિવર્સિટીએ ફરીથી કવાયત હાથ ધરવી પડશે.

## નવા મતદારો નોંધાયા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

૨૧૪૯ મહિલા મતદારો છે.

યુવા અને મહિલા મતદારોની નોંધણીમાં આવેલી જાગૃતિ ઝુંબેશને સફળ બનાવી હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે. નવા નોંધાયેલા મતદારોમાં સૌથી વધુ નબળો પ્રતિસાદ ગાંધીનગર (દ) બેઠક પર થયો છે. જયાં માત્ર ૩૦ જેટલા જ નવા મતદારોની નોંધણી થઈ છે.

ગાંધીનગર જિલ્લામાં લોકસભાની ચૂંટણી સંપન્ન થયાના છ માસના ગાળામાં જ આટલી સંખ્યામાં નવા મતદારો નોંધાયા છે તે જિલ્લામાં આવેલી રાજકીય જાગૃતિ દર્શાવે છે. જો કે હજુ આ ઝુંબેશ સંપન્ન થવાને એક સપ્તાહ જેટલો સમય બાકી છે અને રાજકીય પક્ષોના આગેવાનો પણ હવે એડીચોટીનું જોર લગાવી નવ મતદારોની નોંધણી માટે કેટલો રસ દાખવે છે તે અંગેની વિગતો ૧૧મી પછી જ સ્પષ્ટ થશે.

આ વખતની મતદાર નોંધણી ઝુંબેશમાં પ્રથમ ક્રમે કલોલ વિધાનસભા વિસ્તાર આવે છે. આ પછી માણસા, દહેગામ અને ગાંધીનગર (ઉ) તથા ગાંધીનગર (દ) આવે છે.

પંચ દ્વારા હાથ ધરાયેલ ઝુંબેશમાં અત્યાર સુધીમાં ૧૫૦૬ જેટલા નામો મતદારયાદીમાંથી કમી કરવા માટેની અરજીઓ પણ મળી હોવાનું જાણવા મળેલ છે. જયારે સુધારા વધારા માટે ૨ હજારથી વધુ અરજીઓ મળી હોવાનું જાણવા મળેલ છે.

## પાર્કીંગ શેડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેવાતા ભયજનક સ્થિતિ ઉદભવી છે. આ સ્થિતિના લીધે અત્યાર સુધી અનેક બાઈક ચાલકોને ગંભીર ઈજાઓ થવા પામી હોવાના પણ કિસ્સા છે. આ અંગે વિભાગના એસ.ઓ. ગડમર સમક્ષ અનેકવાર રજૂઆત કરવા છતાં આમ નાગરિકોની સલામતીને અનુલક્ષી કોઈ પગલા લેવાયા નથી. પાર્કીંગ શેડની આ ભયજનક સ્થિતિના લીધે અનેક વાહનચાલકોને લોહીયાળ ઈજા થવા પામી છે ત્યારે સાઈટ સુપરવીઝનના બહાને બહાર ફરતા અધિકારીઓને નજર સામે ઉદભવેલી નાની પણ જોખમી સમસ્યા દેખાતી નથી!!

**રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના**

**જળ અને સ્વચ્છતા સમિતિ - લાલાવાડા, તાલુકો-પાલનપુર**

લાલાવાડા મુકામે સ્વજલધારા યોજના હેઠળ નીચે મુજબના કામો માટેના ભાવો માન્ય કોન્ટ્રાક્ટરો પાસેથી માંગવામાં આવે છે. કામની કુલ અંદાજીત કામની સામે દર્શાવેલ છે. કોરા ટેન્ડરો પાણી સમિતિ લાલાવાડા દ્વારા તા. ૧૦/૧૧/૨૦૧૪ સુધીમાં જરૂરી ટેન્ડર ફી, રજીસ્ટ્રેશન નકલ, રાષ્ટ્રીયકૃત બેંકનું સોલવંશી પ્રમાણપત્ર આપવાથી ઈસ્યુ કરવામાં આવશે અને ભાવ ભરી રજી.પો.એ.ડી.થી તા. ૧૭/૧૧/૨૦૧૪ સુધીમાં પાણી સમિતિ - લાલાવાડા, તાલુકો પાલનપુરને પરત મોકલવાના રહેશે. કરેલ કામગીરીનું ૯૦% ચુકવણું પાણી સમિતિ દ્વારા કરવામાં આવશે. બાકી રહેલ ૧૦% રકમનું ઓડીટ બાદ ચુકવણું કરવામાં આવશે. માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com

| અ. નં. | કામનું નામ | ૧) અંદાજીત રકમ<br>૨) ટેન્ડર ફી રૂ.<br>૩) શ્રેણી |
|---|---|---|
| ૧ | લાલાવાડા, તાલુકો-પાલનપુર સ્વજલધારા યોજના હેઠળ ભૂગર્ભ સંપનું કામ. | ૧) રૂ. ૪,૯૦,૦૦૦.૦૦<br>૨) રૂ. ૬૦૦.૦૦<br>૩) ઈ-૨ ક્લાસ તથા ઉપર |
| ૨. | લાલાવાડા, તાલુકો-પાલનપુર સ્વજલધારા યોજના હેઠળ ભૂગર્ભ સંપની પંપીંગ મશીનરીનું કામ | ૧) રૂ. ૮૮,૬૨૪.૦૦<br>૨) રૂ. ૬૦૦.૦૦<br>૩) ઈ-૨ ક્લાસ તથા ઉપર |

ક્રમાંક : નામાનિ/પાલન/૩૨૯/૨૦૧૪-૨૦૧૫